SSP/FEB98/G/05/01/600

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થા

# સત્સંગ શિક્ષણ પરીક્ષા

# સત્સંગ પરિચય

# પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૧:૧૫]** **(રવિવાર, ૧૫ ફેબ્રુઆરી, ૧૯૯૮)** **કુલ ગુણ : ૭૫**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

## વિભાગ - ૧ (સહજાનંદ ચરિત્ર)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** **૬**

૧. ‘હું રાજને ઈચ્છતો નથી, ગધેડાનો ભાર ગધેડા ઉપાડે.’
૨. ‘આમાં તો મેં હેતના ટેભા લીધા છે.’
૩. ‘સ્વામિનારાયણ ચોક્કસ ખુદા કે ખુદાના આશક ઓલિયા પુરુષ હોવા જોઈએ.’
૪. ‘મારાં એવા ભાગ્ય ક્યાંથી કે સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ મારા ધણી થાય.’

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ બે કારણો આપો. (બારેક લીટીમાં)** **૮**

૧. પટેલે મૂળજી બ્રહ્મચારીને પરાણે ગાડામાં બેસાર્યા.
૨. ફકીર શ્રીજીમહારાજનાં ચરણો સમક્ષ નમાજ પઢવા લાગ્યો.
૩. નરકના કુંડમાં સબડતા જીવો ભૂમા પુરુષના લોકમાં ગયા.
૪. મહારાજે ભટ્ટજીનો બાજરો લણ્યો.

**પ્ર.૩. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** **૮**

૧. સહજાનંદ રૂપી સૂર્ય.
૨. કબૂતરનાં કબૂતર.
૩. ગવર્નર જોન માલ્કમ સાથે મુલાકાત.
૪. જીવા ખાચરની પરીક્ષા.

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** **૫**

૧. ગઢડા ગોપીનાથ મંદિરની પ્રતિષ્ઠા ક્યારે થઈ ?
૨. ધર્મકુળમાંથી શ્રીજીમહારાજ સાથે સૌથી પ્રથમ મિલન કોનું અને ક્યાં થયું ?





૩. શ્રીજીમહારાજે પોતાના છ હેતુઓ કોને અને ક્યાં કહ્યા ?
૪. મહારાજે સૌ પ્રથમ શણગારો કયા ગામમાં ધારણ કર્યો ?
૫. જાળિયામાં મંદવાડ વખતે શ્રીજીમહારાજને કેટલા ઉપવાસ થયા હતા ?

**પ્ર.૫. નીચેનામાંથી કોઈપણ એક વિષયનું નિરૂપણ કરો અને તેનો ટૂંકમાં ભાવાર્થ લખો.** **૫**

૧. ‘મીઠા વ્હાલા કેમ વિસરું’ ?
૨. અહિંસામય યજ્ઞના સમર્થક અને પ્રવર્તક શ્રીજીમહારાજ.
૩. પરમહંસ દીક્ષા.

## વિભાગ - ૨ (સત્સંગ વાચનમાળા - ભાગ-૨)

**પ્ર.૬. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** **૬**

૧. ‘સ્વામી ! બસ કરો. આ પદો ન ગાવો.’
૨. ‘કોઈ કાઠીને ભળાવી દેત, તે કરતાં તો આ ભગવાન છે.’
૩. ‘સ્વામી, શાસ્ત્રીજી મહારાજનો સંગ રાખજ્યો ને તે કહે તેમ કરજો.’
૪. ‘અક્ષર પુરુષોત્તમની જોટે મૂર્તિ પધરાવો તો મહાપુરુષ જેવા બે દીકરા મહારાજ આપે.’

**પ્ર.૭. નીચેનામાંથી કોઈપણ બે કારણો આપો. (બારેક લીટીમાં)** **૮**

૧. મૂળજી બ્રહ્મચારીનું મન સંસારમાંથી ઉદાસ થઈ ગયું.
૨. શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીની પૂજા કરીને પ્રસાદીનો હાર આપ્યો.
૩. આચાર્ય શ્રી અયોધ્યા પ્રસાદજી મહારાજ ખારા દૂધપાકથી અકળાયા નહિ.
૪. છેવટે જીવુબાએ લાડુબાને અન્નકૂટોત્સવ કરવાની છૂટ આપી.

**પ્ર.૮. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** **૮**

૧. પ્રેમસખીના ગાનને વશ શ્રીજીમહારાજ.
૨. નિત્યાનંદ સ્વામીની વિદ્વત્તા.
૩. દાદાના યોગ-ક્ષેમના વાહક શ્રીજી મહારાજ. (શત્રુઓથી રક્ષા, દાદા ખાચરને પરણાવ્યા)
૪. જાગા ભક્તની શાસ્ત્રીજી મહારાજે કરેલી અંતિમ સેવા.

**પ્ર.૯. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **૬**

૧. ગુણાતીતનંદ સ્વામીએ જાગા ભક્તને મહારાજની મૂર્તિનાં કયાં ચાર સુખ આપવાનો સંકલ્પ ર્ક્યો ?

૨. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પછી અમદાવાદની ગાદી પર કોણ આચાર્યપદે બિરાજ્યું ?

૩. આજ્ઞા હોવા છતાં દાદા ખાચરે બાઈનું માથું કેમ કાપ્યું નહિ ?

૪. બાઈઓની સભામાં ભક્તિમાતાએ દર્શન દઈ શું કહ્યું ?

૫. શ્રીજીમહારાજે રઘુવીરજી મહારાજનો હાથ કોના હાથમાં સોંપ્યો હતો ?

૬. કૃષ્ણજી અદાએ કયા હરિભક્ત સાથે કાયમ માટે સંબંધ શામાટે કાપી નાખ્યો ?

**વિભાગ - ૩ (નિબંધ)**

**પ્ર.૧૦. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૪૫ લીટીમાં નિબંધ લખો.** **૧૫**

૧. મંદિર - સંસ્કારની ગંગોત્રી.

૨. યુવાપેઢીના ઉદ્ધારક - પ્રમુખસ્વામી મહારાજ.

૩. શ્રીજીમહારાજનું અસાધારણ વ્યક્તિત્વ.